પંચાયત હસ્તકના તળાવો /જળાશયો
મત્સ્યોદ્યોગ પ્રવૃતિ માટે આપવા બાબત

ગુજરાત સરકાર
બંદરો અને મત્સ્યોદ્યોગ વિભાગ
ઠરાવ ક્રમાંક– એફડીએક્સ– ૧૧૯૮–એમઆર– ૧૨૮–ભાગ–૧–ટ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૫–૭–૨૦૦૩

સંદર્ભ– ૧. વિભાગનો ઠરાવ ક્રમાંક–એફડીએક્સ–૧૦૮૪–એમએલએ–૨૩–ચ
તા. ૧૫–૭–૮૫
૨. મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પત્ર ક્રમાંક– ગુમ– ઝ.૧–લીઝીંગ પોલીસી–સુધારા–૦૨–૦૩–૪૪૬૦
તા. ૨૬–૨૦૩

ઠરાવ :–

૨. વિભાગના સંદર્ભ(૧) આગળના તા. ૧૫–૭–૮૫ ના ઠરાવ અન્વયે પંચાયત હસ્તકના તળાવો/ જળાશયો મત્સ્યોદ્યોગની પ્રવૃતિ માટે પ્રથમ ત્રણ વર્ષના પટ્ટે આપવા અને ત્રણ વર્ષની અવધિ પૂરી થયાના છ માસ બાકી હોય તે તબકકે જ જો પટ્ટો વધારવાનો હોય તો કલેકટરશ્રીની મંજૂરી મેળવવાની જોગવાઈ કરવામાં આવેલ છે.પંચાયત હસ્તકના તળાવો/ જળાશયો મત્સ્યોદ્યોગ માટે ત્રણ વર્ષેના બદલે ૧૦ વર્ષે ના પટ્ટે આપવા મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રીએ સંદર્ભ(૨) આગળના પત્રથી કરેલ દરખાસ્ત સરકારની વિચારણા હેઠળ હતી, પુખ્ત વિચારણાને, અંતે ગ્રામ પંચાયતના તળાવો/ જળાશયો મત્સ્યોદ્યોગની પ્રવૃતિ માટે ૧૦ વર્ષેના પટ્ટે નીચે જણાવેલ શરતોને આધિન આપવાનું આથી નકકી કરવામાં આવે છે.

(એ) જે પંચાયતો પોતાના હસ્તકના તળાવો/ જળાશયો મત્સ્યોદ્યોગ પ્રવૃતિ માટે આપવા સંમતિ દર્શક ઠરાવ કરે, તેવા જ તળાવો/ જળાશયો મત્સ્યોદ્યોગ પ્રવૃતિ માટે ઈજારે આપી શકાશે.જેની તળીયાના કિંમત એફ.એફ.ડી.એ ધ્વારા નકકી કરવાની રહેશે.

(બી) પંચાયત સંમત થયેલ હોય તેવા આવા જળાશયો/તળાવોને મત્સ્યોદ્યોગ પ્રવૃતિ માટે ઈજારે આપવાની જાહેરાત બહોળી પ્રસિધ્ધ ધરાવતા ઓછામાં ઓછા બે સમાચાર પત્રોમાં સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ

૨૦

આપવાની રહેશે અને જાહેરાત માટેનું ખર્ચ સંબંધિત જિલ્લા પંચાયતના ભંડોળમાંથી કરી, ઈજારાની આવકમાંથી મજરે મેળવવાનું રહેશે.બાકીની તમામ આવક સંબંધિત ગ્રામ પંચાયતને આપી દેવાની રહેશે.

(સી) પ્રસિધ્ધ થયેલ જાહેરાત અન્વયે કરવાની થતી જાહેર હરાજીની કાર્યવાહી જિલ્લા વિકાસ અધિકારીશ્રીના પ્રતિનિધિ તેમજ મત્સ્ય ખેડૂત વિકાસ સંસ્થા( એફએફડીએ) ના પ્રતિનિધિની હાજરીમાં જ હાથ ધરવાની રહેશે. તેમાં જે તે ગ્રામ પંચાયતના સરપંચશ્રી/ પ્રતિનિધિ પણ હાજર રહેશે.

(ડી) આવા તળાવો/ જળાશયો ઈજારે લેનાર વ્યક્તિ/ સંસ્થા ધ્વારા થયેલ શરત ભંગના કિસ્સામાં ઈજારો રદ કરવા સહિતની તમામ કાર્યવાહી જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ કરવાની રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ પરની સચિવશ્રી પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગની તા. ૭-૭-૦૩ ની નોંધથીમળેલ સંમતિ અન્વયેબહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(અનિલ પટેલ)
નાયબ સચિવ
બંદરો અને મત્સ્યોદ્યોગ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ

રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન ગાંધીનગર( પત્ર ધ્વારા)
માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર
સર્વે માન. મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
સચિવશ્રી પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ સચિવાલય, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ/ રાજકોટ
મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
વિકાસ કમિશ્નરશ્રી ડૉ. જીવરાજ મહેતા ભવન ગાંધીનગર
સર્વે. જિલ્લા કલેકટરશ્રીઓ
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
સર્વે ચેરમેનશ્રી મત્સ્ય ખેડૂત વિકાસ સંસ્થા ( એફએફડીએ.)
(મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગર મારફત)
સિલેકટ ફાઈલ